પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫ | ૨૬ માર્ચ, ૨૦૨૧, શુક્રવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એપ્રિલના મધ્યમાં કોરોના પીક ઉપર હશે

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની એક રિસર્ચ ટીમનો ચોંકાવનારો રિપોર્ટ : બીજી લહેર લગભગ ૧૦૦ દિવસ સુધી ચાલતી રહેશે, ૧૫ ફેબ્રુઆરીથી બીજી લહેરની ગણતરીએ તેની અસર મે સુધી રહેવાની સંભાવના

નવી દિલ્હી, તા. ૨૫

ભારતમાં કોરોનાના કેસ જે રીતે વધી રહ્યા છે તે ચિંતાનું કારણ બની રહ્યા છે આવામાં કોરોનાના કેસને ડામવા માટેના પ્રયાસો શરુ થઈ ગયા છે જેમાં સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રમાં છે જ્યાં પણ કોરોનાના કેસને વકરતા અટકાવવા માટે પગલા ભરવાનું શરુ કરી દીધું છે. આમ છતાં જે રીતે કેસમાં વધારો થઈ રહ્યો છે. જે દરમિયાન મોટી સંખ્યામાં લોકો કોરોનાથી સંક્રમિત થઈ શકે છે તેવી સંભાવના એક રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બીજી લહેર લાંબી ચાલશે તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

મીડિયા રિપોર્ટ્સમાં કરવામાં આવેલા ઉલ્લેખ પ્રમાણે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની એક રિસર્ચ ટીમના રિપોર્ટમાં બીજી લહેર લગભગ ૧૦૦ દિવસ સુધી ચાલતી રહેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બીજી લહેર લગભગ ૧૦૦ દિવસ સુધી રહેવાની સંભાવના કરવામાં આવી છે. જેમાં ૧૫ ફેબ્રુઆરીથી બીજી લહેરની ગણતરી કરવામાં આવે તો તેની અસર મે સુધી રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. જો ૨૩ માર્ચના રોજ ભારતમાં નોંધાયેલા કોરોના કેસને અનુલક્ષીને વાત કરીએ તો બીજી લહેર દરમિયાન ૨૫ લાખ જેટલા લોકો કોરોનાથી સંક્રમિત થાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

જીઁ દ્વારા ૨૮ પાનાના રિપોર્ટમાં જણાવાયું છે કે સ્થાનિક સ્તર પર લગાવવામાં આવેલા 'લોકડાઉન કે નિયંત્રણો'થી કોરોના પર કાબૂ મેળવવો મુશ્કેલ છે પરંતુ મોટા પ્રમાણમાં લોકો સુધી રસી પહોંચાડવામાં આવે તે એકમાત્ર 'ઉપાય' છે કે જેનાથી કોરોના મહામારી સામે લડી શકાશે.

રિપોર્ટમાં જણાવાયું છે કે, અત્યારે જે પ્રમાણે કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે તે જોતા એપ્રિલના બીજા પખવાડિયામાં બીજી લહેર તેના પીક પર પહોંચી શકે છે.

આ સાથે રાજ્યોમાં કોરોના કેસને કાબૂમાં લેવા માટે લગાવવામાં આવેલા નિયંત્રણો કે

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં હજુ એક અઠવાડિયું કોરોના કેસ વધશે, તે પછી ઘટવા માંડશે

ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં કોરોના સંક્રમણ વધતાં ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યૂ સહિતના પ્રતિબંધો લગાવી દેવામાં આવ્યા છે. તેવામાં હાલમાં વિધાનસભા સત્રમાં ધારાસભ્યો અને તેમના સ્ટાફ તેમના સ્ટાફ કોરોના પોઝિટિવ આવ્યો છે. આજે આ મામલે સીએમ રૂપાણીને સવાલ કરાયો તો તેમણે કહ્યું કે, વિધાનસભાનું સત્ર ટૂંકાવવામાં નહીં આવે, મહત્વના બિલો પાસ થવાના બાકી છે. સંક્રમણ વધારે છે પણ મૃત્યુઆંક કંટ્રોલમાં છે. ટેસ્ટિંગ, ટ્રેસિંગ



**વિધાનસભા સત્ર ટૂંકાવાશે નહીં, ૮ જેટલા વિધેયક પસાર કરીને નિયત કરેલા સમયે સત્ર પૂર્ણ થશે : રાજ્યની હોસ્પિટલોના ૭૦ ટકા બેડ ખાલી, તમામ સરકારી કર્મચારીઓને કોરોના વોરિયર્સ તરીકે વેકસીન અપાશે : ટેસ્ટીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટ પર સરકારનુ ધ્યાન કેન્દ્રીત, લોકો માસ્ક પહેરે અને રસી માટે આગળ આવે, રોજ ૩ લાખ લોકોને રસી આપવાનો લક્ષ્યાંક : મુખ્યમંત્રી રૂપાણી**

કોરોનાથી સંક્રમિત થયા છે. તેમ છતાં સીએમ રૂપાણીએ કહ્યું છે કે વિધાનસભાનું સત્ર ટૂંકાવવામાં આવશે નહીં. કેમ કે હજુ મહત્વના બિલો પાસ થવાના બાકી છે.

મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે આ અઠવાડિયું કેસ વધશે અને પછી ઘટશે તેવી ધારણા છે. પણ ગભરાવાની જરૂર નથી, સાવધાની જરૂરી છે. માસ્ક પહેરવા અને રસી લેવા મુખ્યમંત્રી રૂપાણીએ લોકોને અપીલ કરી છે. અને તેઓએ કહ્યું કે દૈનિક ૩ લાખ લોકોને રસી આપવાનો લક્ષ્યાંક છે.

વિધાનસભા ગૃહમાં છ ધારાસભ્યો અને અને ટ્રીટમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો છે. કોરોના સંક્રમણ દેશભરમાં વધી રહી છે. કોઈ ચિંતા કરવાની આવશ્યકતા નથી. તમામ સરકારી કર્મચારીઓને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ ગણી વેક્સીન અપાશે. હાલ ૪ મહાનગરોમાં કેસ વધારે છે, તેથી સરકાર અહી ફોકસ કરી રહી છે. સચિવાલય અને આખા ગુજરાતમાં તમામ સરકારી કર્મચારીઓ કોઈ પણ એજ ગ્રૂપના હોય તેમને ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ ગણીને કરાશે. ૨૪ કલાકમાં ગુજરાતમાં પણ કોરોનાના સૌથી વધુ ૧૭૯૦ કેસ નોંધાતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

# દેશમાં દૈનિક કેસ ૫૦,૦૦૦ને પાર

## ૨૪ કલાકમાં ૫૩,૪૭૬ લોકો સંક્રમિત, ૨૫૧ દર્દીનાં મોત : દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૪ લાખની એકદમ નજીક પહોંચ્યો



ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતમાં કોરોના વાયરસ ફરી એકવાર બેકાબુ બન્યો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. કોરોના વાયરસના કેસ વધતા રોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દરી એકવાર ૫૩ હજારથી વધારે લોકો કોરોના પોઝિટિવ જણાયા છે. લગભગ ૫ મહિના બાદ ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૫૦ હજારને પાર પહોંચી ગયો છે જે ખરેખર ડરામણો છે.

સાથે જ કોરોના વેક્સીનેશન પણ પોતાની ગતિએ ચાલી રહ્યું છે. છેલ્લા ૨ મહિનામાં દેશમાં ૫ કરોડ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. ભારતની ૧૩૭ કરોડની આબાદીના કારણે વેક્સીનેશનની ગતિ ઘટી છે. જે રીતે કેસ વધવાના શરૂ થયું છે તે રીતે હર્ડ ઈમ્યુનિટી આવવાનો અણસાર ઓછો છે.

એક દિવસમાં દેશમાં કોરોનાના ૫૩ હજાર ૪૧૯ નવા કેસ આવ્યા છે. સામે એક દિવસમાં દેશમાં કોરોનાથી ૨૬ હજાર ૫૭૫ દર્દી સાજા પણ થયા છે. એક દિવસમાં દેશમાં કોરોનાથી ૨૪૯ દર્દીના મૃત્યુ પણ થયા છે. ભારતમાં કોરોનાના એક્ટીવ કેસ ૩ લાખ ૪૯ હજાર ૯૫૬ થયા છે. દેશમાં કોરોનાના કુલ કેસ ૧ કરોડ ૧૭ લાખ ૮૭ હજાર ૧૩ સુધી પહોંચી ચૂક્યા છે. કોરોનાથી રિકવર દર્દીની કુલ સંખ્યા ૧ કરોડ ૧૨ લાખ ૨૯ હજાર ૫૯૧ થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ટિકરી બોર્ડર પર ખેડૂતો માટે ૪૦ બેડની હોસ્પિટલ તૈયાર

**બે વોર્ડ જનરલ છે અને એક વોર્ડ મહિલાઓ માટે રખાયો છે**

નવી દિલ્હી, તા. ૨૫

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનની ચર્ચા ભલે ઓછી થઈ ગઈ હોય પણ ખેડૂત સંગઠનો હજી પણ દિલ્હી બોર્ડર પર અડીંગો જમાવીને બેઠેલા છે.

હવે ખેડૂતો માટે ઈન્ડિયન નેશનલ લોકદળ દ્વારા ટિકરી બોર્ડર પર ૪૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવી છે.પાર્ટીનુ કહેવુ છે કે, સરકાર ખેડૂતોને સ્વાસ્થ્ય સેવાથી વંચિત રાખવા માંગતી હતી જેથી આંદોલનમાં વિઘ્ન આવે .એટલે જ અમારી પાર્ટીએ મહત્તમ સ્તરે સ્વાસ્થ્યની સુવિધા ખેડૂતોને મળે તેવો નિર્ણય લીધો હતો.

જેના પગલે ટિકરી બોર્ડર પર એક હોસ્પિટલ બનાવવાની સાથે સાથે મેડિકલ કેમ્પ શરુ કરાયો છે.અહીંયા બે વોર્ડ જનરલ છે અને એક વોર્ડ મહિલાઓ માટે રાખવામાં આવ્યો છે.

# શ્રીનગર પાસે CRPF કાફલા પર આતંકી હુમલો

## બે જવાન શહીદ :બે જવાન ઘાયલ, પહેલેથી ટાંકીને બેઠેલા ત્રાસવાદીઓએ લાવાપોરામાં સુરક્ષાબળોની ગાડી ઉપર હુમલો કરી દીધો

શ્રીનગર, તા. ૨૫

શ્રીનગરમાં સીઆરપીએફની પેટ્રોલિંગ પાર્ટી પર આતંકી હુમલો થયો છે. આ હુમલો લાવાપોરા વિસ્તારમાં થયો છે. સીઆરપીએફ પાર્ટી પર હુમલામાં બે જવાન શહીદ થયા જ્યારે બે જવાન ઘાયલ પણ થયા. ઘાયલ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લાવાપોરા વિસ્તારમાં ગુરૂવારના રોજ બપોરે આતંકીઓએ સીઆરપીએફની પેટ્રોલિંગ પાર્ટી પર હુમલો કરી દીધો. આઈજીએ કહ્યું કે આ હુમલામાં સીઆરપીએફના બે જવાન શહીદ થઈ ગયા અને બે જવાન ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા. હાલ તેમની સારવાર ચાલુ છે.

આ હુમલો સીઆરપીએફની ૭૩મી બટાલિયન પર કરાયો છે. પહેલેથી ટાંકીને બેઠેલા આતંકીઓએ શ્રીનગરના લાવાપોરા વિસ્તારમાં સુરક્ષાબળોની ગાડી પર હુમલો કરી દીધો. આ હુમલામાં ૨ જવાન શહીદ થઈ ગયા. તો બે જવાન ઘાયલ પણ થયા છે. હુમલા બાદ સુરક્ષાબળોએ આખા વિસ્તારને ઘેરી લીધો છે. સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આતંકીઓની શોધ માટે મોટી માત્રામાં સુરક્ષાબળના જવાન છે. ઘટના બાદ વિસ્તારમાં એલર્ટ જાહેર કરી દેવાયું છે.



## દિલ્હીમાં લેફ્ટનન્ટ ગવર્નરને વિશેષ સત્તા આપતું બિલ મંજૂર

**લોકસભામાં અગાઉ ખરડો પસાર થઈ ગયો હતો : રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ કાયદો બનશે, દિલ્હીની એએપી સરકારે તેને લોકશાહીનો કાળો દિવસ જાહેર કર્યો**

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હીમાં લેફ્ટિનેન્ટ ગવર્નર એટલે કે ઉપ-રાજ્યપાલ અને મુખ્યમંત્રીના અધિકારો સ્પષ્ટ કરતા બિલને સંસદના બંને સદનમાં મંજૂરી મળી ગઈ છે. બુધવારે રાજ્યસભાએ વિપક્ષના હોબાળા વચ્ચે ગવર્મેન્ટ ઓફ નેશનલ કેપિટલ ટેરીટરી ઓફ દિલ્હી (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૧ને મંજૂરી આપી દીધી છે. લોકસભામાં સોમવારે જ આ બિલ પાસ થઈ ગયું હતું. હવે રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ બિલ કાયદો બની જશે.

દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે તેને 'લોકશાહીનો કાળો દિવસ' જાહેર કર્યો હતો. તો ચાલો જાણીએ આ બિલમાં એવું તો શું છે કે, આમ આદમી પાર્ટી સહિતના વિપક્ષી દળો તેને બંધારણ અને લોકશાહીની વિરૂદ્ધ ગણાવી રહ્યા છે.

દિલ્હીનું કિંગ કોણ, એલજી કે મુખ્યમંત્રી આ લડાઈ બહુ જૂની છે. અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ મુદ્દો ખૂબ ચર્ચામાં રહ્યો છે. ત્યાં સુધી કે આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮ અને ૨૦૧૯માં પોતાના ચુકાદાઓ દ્વારા એલજી અને દિલ્હી સરકારની ભૂમિકાઓ અને અધિકાર ક્ષેત્ર સ્પષ્ટ કર્યા હતા.

## એન્ટિલિયા પાસે વિસ્ફોટકોમાં હાથ હોવાની વાઝેની કબૂલાત

**બલીનો બકરો બનાવાઈ રહ્યાની વાઝેની કેફિયત : એન્ટિલિયાની બહાર વિસ્ફોટક મુકીને તપાસ અધિકારી તરીકે કેસને સોલ્વ કરી વાઝેને સુપર કોપ બનવું હતું**

મુંબઈ, તા. ૨૫

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનાં ઘરની બહાર મળેલી વિષ્ફોટકોવાળી કાર અને તેના માલિક મનસુખ હિરેનની હત્યા કેસમાં ધરપકડ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેએ કહ્યું કે તેમને બલીનો બકરો બનાવવામાં આવી રહ્યા છે, સસ્પેન્ડ કરાયેલા પીઆઇ વાઝેએ એનઆઈએ કોર્ટમાં કહ્યું કે તે માત્ર દોઢ દિવસ સુધી એન્ટેલિયા કેસનાં તપાસ અધિકારી હતાં અને તેની સારી રીતે તપાસ કરી, તેમણે કહ્યું કે ક્રાઈમ બ્રાંચ અને મુંબઈ પોલીસ ટીમે પણ આ કેસની તપાસ કરી, કોર્ટે વાઝેને ૩ એપ્રિલ સુધી એનઆઈએની કસ્ટડીમાં મોકલી દીધા છે.

એનઆઈએ સુત્રોએ જણાવ્યું કે સચિન વાઝેએ તપાસ એજન્સીઓ સમક્ષ સ્વિકાર્યું છે કે વિષ્ફોટકોવાળી કારની પાછળ તેમનો જ હાથ છે, વાઝેએ જણાવ્યું કે એન્ટિલિયાની બહાર વિષ્ફોટક એટલા માટે રાખવામાં આવ્યા કે તપાસ અધિકારી તરીકે કેસને સોલ્વ કરીને તે સુપર કોપ તરીકે પ્રસિધ્ધ થવા માંગતો હતો, મુંબઈમાં ૨૫ ફેબ્રુઆરીએ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનાં ઘરની નજીકથી એક કારમાંથી વિષ્ફોટક મળી આવ્યા હતા, આ કેસમાં વાઝે હાલ એનઆઈએની કસ્ટડીમાં છે.

## સેનામાં મહિલાઓને પરમેનન્ટ કમિશન આપવાની પ્રક્રિયા ભેદભાવ ભરેલી : સુપ્રિમ

ન્યુ દિલ્હી,તા.૨૫

મહિલા સૈન્ય અધિકારીઓને સ્થાયી કમિશન આપવા મામલે સુપ્રીમ કોર્ટે સેનાને મોટો ઝટકો આપ્યો છે. શોર્ટ સર્વિસ કમિશનમાં પરમેનન્ટ કમિશન આપવા મામલે જસ્ટિસ ડી. વાઈ. ચંદ્રચુડની અધ્યક્ષતા વળી ખંડપીઠે આજે નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું છે કે સમાજ પુરુષો માટે પુરુષો દ્વારા જ બનાવવામાં આવ્યો છે, જો આ નહિ બદલાય તો મહિલાઓને સમાન અવસર નહિ મળી શકે.

જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે મહિલા અધિકારીઓને સેનામાં સ્થાયી કમિશન આપવા માટે એસીઆરએસની પદ્ધતિ ભેદભાવભરી અને મનમાની વાળી છે, આર્મીની આ પદ્ધતિ મહિલાઓને સ્થાયી કમિશન આપવાની સમાન તક નહીં આપી શકે. કોર્ટે સ્થાયી કમિશન માટે

● અનુસંધાન પાન-૭ પર




## ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

સિયોલ,તા.૨૫

અમેરિકામાં રાષ્ટ્રપતિ જો બાઈડને પદભાર સંભાળ્યો ત્યાર બાદ ગુરૂવારે પ્રથમ વખત ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. અમેરિકા સાથેની કૂટનીતિમાં ઘર્ષણ બાદ ઉત્તર કોરિયાનું આ પગલું જો બાઈડન પ્રશાસન પર દબાણ બનાવવા અને પોતાની સૈન્ય ક્ષમતામાં વધારો કરવા ફરી પરીક્ષણ શરૂ કરવાનો સંકેત આપે છે. જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાએ કહ્યું કે, આ પરીક્ષણ "જાપાન તથા ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા" માટે જોખમી છે તથા ટોક્યો ઉત્તર કોરિયાની ગતિવિધિઓ મામલે અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે સંકલન જાળવી રાખશે. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે જણાવ્યું કે, સવારે ૭:૦૬ કલાકે અને ૭:૨૫ કલાકે ઉત્તર કોરિયાના પૂર્વીય તટ પર મિસાઈલ લોન્ચ થઈ હતી.

## ભારત એલર્ટ : વેક્સિનની નિકાસ અટકાવી

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારત અત્યાર સુધી દુનિયાના અનેક દેશોને કોરોના 'વેકસીન મૈત્રી' અભિયાન અંતર્ગત વેક્સીનના કરોડો ડોઝ મફતમાં દાન કરી ચુક્યો છે. પરંતુ ફરી એકવાર કોરોનાએ માથુ ઉચકતા કેસોની સંખ્યા વધી રહી છે. તેવી જ રીતે દેશમાં કોરોનાની વેક્સીનનું વેક્સીનેશન વધારવાની પણ જરૂરિયાત વર્ધાઈ રહી છે. પરિણામે ભારતની જ વેક્સીનની ઘર આંગણે માંગ વધી છે. જેથી મોદી સરકારે હવે કેટલાક મહિનાઓ સુધી વિદેશમાં કોરોનાની વેક્સીન મફતમાં ના આપવાનો નિર્ણય લીધો છે.

**ભારતે ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકા રસીની નિકાસ કામચલાઉ રીતે અટકાવી**

જોકે એવુ પણ નથી કે ભારત જરૂરિયાતમંદ દેશોને હવેથી કોરોનાની વેક્સીન મફતમાં આપશે જ નહીં. પરંતુ હાલ ઘર આંગણાની જરૂરિયાતોને પુરી કરવા આગામી કેટલાક મહિના સુધી તેની નિકાસ નહીં કરે. સંબધિત અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બે-ત્રણ મહિના બાદ સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. ભારતે ૨૦ જાન્યુઆરીથી વેક્સીન મૈત્રી અભિયાન હાથ ધર્યુ હતું. જેને અંતર્ગત અત્યાર સુધીમાં દુનિયાના ૮૦ દેશોને ભારત કોરોનાની વેક્સીનના ૬ કરોડ ડોઝ મફતમાં પુરા પાડી ચુક્યું છે.

ભારતમાં કોરોનાના વધતા જતા કેસમાં કેન્દ્ર સરકાર હવે એસ્ટ્રાજેનેકા વેક્સિન દુનિયાના જરૂરિયાતમંદ દેશોને નહીં આપવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સ્થાનિક વેક્સિનેશન પર ધ્યાન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં એસ્ટ્રાજેનેકા-ઓક્સફોર્ડની કોરોના વેક્સિનનું નિર્માણ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કોવિશીલ્ડના નામે કરી રહી છે.